GJSK020014042025

**રે.દિ.મું.નં. ૦૯/૨૦૨૫**

**આંક–૫ નીચે હુકમ.**

**૧/–** વાદીએ હાલનો દાવો દાખલ કરી આંક–૫ થી હંગામી મનાઈ હુકમની અરજી સી.પી.સી.ના. ઓર્ડર ૩૯ રૂલ. ૧, ૨ તથા કલમ.૧૫૧ મુજબ દાખલ કરતાં વંચાણે લીધી.અરજીની હકીકત અરજીમાં હોઈ તે સબંધે વધુ નોંધ કરવામાં આવતી નથી.પરંતુ આંક–૫ લગત વાદીએ દાદ માગેલ છે કે,સદરહુ દાવાના આખરી નિકાલ થતા સુધી સદર કામના પ્રતિવાદી ટ્રસ્ટ વાદીની જીવનનિર્વાહની માસીક રકમ રૂ.૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરા દર માસે ચઢયે ચઢયા વસુલ આપે તેવો પ્રતિવાદી વિરુધ્ધ આદેશાત્મક હુકમ ફરમાવવા જણાવેલ છે.

**૨/–** આ કામે દાવાની પ્રોસેસ પ્રતિવાદીને બજી જતાં પ્રતિવાદી તરફે આંક–૭ થી વાદીના દાવાનો તથા મનાઈ હુકમની અરજીનો લેખિત જવાબ રજુ રાખેલ છે. જેમાં દાવા અરજીની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરી મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રતિવાદી ટ્રસ્ટે માસીક રૂ.૧૦,૦૦૦/– પ્રમાણે વાદીને આપેલ છે અને વાદીએ તે અંગે સહી પણ કરી આપેલ છે. ત્યારબાદ વાદીએ ટ્રસ્ટને તેમના એડવોકેટશ્રી બી.એમ.શુકલ મારફતે તા.૦૯/૮/૨૦૨૪ ના રોજ નોટીસ આપતા તેનો જવાબ પ્રતિવાદીએ તેઓના એડવોકેટશ્રી યુસુફ એ.ચાદનીવાલા મારફતે તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ આપેલ છે અને વાદીએ તેમના ભરણપોષણ માટે માસીક રૂ.૬,૦૦૦/– થી રૂ.૭,૦૦૦/– ની માંગણી કરેલ તેમ છતાં

ટ્રસ્ટે તેમને રૂ.૧૦,૦૦૦/–પ્રમાણે તા. ૬/૭/૨૦૨૪ સુધી માસીક રૂ.૧૦,૦૦૦/– પ્રમાણે વસુલ આપેલ અને તે અંગેની સહી વાઉચરમાં વાદીએ કરી આપેલ છે. ત્યારબાદ વાદીએ ફરીથી પ્રતિવાદીને તા.૨૦/૯/૨૦૨૪ ના રોજ તેમના એડવોકેટશ્રી કીરીટ કે.પટેલ મારફતે નોટીસ આપેલ અને તેનો જવાબ પ્રતિવાદીએ તા. ૩૦/૯/૨૪ ના રોજ તેઓના એડવોકેટશ્રી યુસુફ.એ ચાંદનીવાલા મારફતે જવાબ આપેલ છે અને આ અંગે વાદીને રૂબરુ બોલાવતા વાદીએ વધુ રકમની માંગણી કરતાં પ્રતિવાદી ટ્રસ્ટે તેઓના માસીક જીવનનિર્વાહ માટે રૂ.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરા આપવા જણાવેલ અને આ રકમ વાદીએ તેઓના ધી સર્વોદય નાગરીક સહકારી બેક લી.માં તેઓના સેવીંગ ખાતા નં. ૯૭૫૦ મા ડાઈરેકટ જમા કરાવવા જણાવેલ અને પ્રતિવાદીએ દર માસે રૂ. ૧૫,૦૦૦/– પ્રમાણે તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ જમા કરાવેલ છે અને રૂ.૨૦,૦૦૦/– નકકી થયેલાની હકીકત તદ્દન ખોટે ખોટી જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે ,વાદી સાથે વાતચીત થયા મુજબ વાદીને મકકામદીના ઉમરાહ માટે તથા હજ કમીટીમાં હજ કરવા જવા કદી પણ ના પાડેલ નથી અને વાદીને ઉમરાહ કરવા માટે જે કાંઈ ઉમરાહ ટુરમાં જવા ઈચ્છા ધરાવતા હોય તેનુ નામ આપવા જણાવતાં વાદીએ ઉમરાહ કરવા માટે પ્રતિવાદીને જાણ કરતા અને તે અંગેની ઉમરાહની રકમ રૂ. ૯૪,૦૦૦/– અંકે રૂપિયા ચોરાણું હજાર ભરપાઈ કરવા જણાવતાં પ્રથમ પ્રતિવાદી રૂ.૧૦,૦૦૦/– જમા કરાવેલ અને બાકીની રકમ પણ વાદીને ઉમરા ટુરમાં જવા માટેની ચુકતે રકમ ભરપાઈ કરેલ છે અને પ્રતિવાદી ટ્રસ્ટે કદી પણ વાદીને ઈન્કાર કરેલ નથી. તેમ છતાં વાદીએ તદ્દન ખોટે ખોટી હકીકત જણાવી કોઈ ત્રાહીતની ચઢામણીના કારણે તદ્દન ખોટેખોટો દાવો કરેલ છે. પ્રતિવાદીએ બક્ષીસ લેખમાં જણાવેલ

શરતોનુ પાલન કરતાં નથી. તે હકીકત તદ્દન ખોટે ખોટી ઉપજાવી કાઢેલ છે. વાદીએ પ્રતિવાદીને હિમતનગર સીટી સર્વે નં. પર૪૬ પૈકીની પ્લોટ નં. ૧૭૪ પૈકીની મકાન કે જેનો કુલ્લે વિસ્તાર ૧૦૧.૨૬ ચો.મી. છે. તે વાદીએ તા. ૧૭/૧૦ /૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ અનુ.નં. ૧૨૮૭૬/૨૦૨૩ થી પ્રતિવાદી ટ્રસ્ટને રાજીખુશીથી સદર મકાન અશાંત વિસ્તારમાં આવેલ હોઈ તેની સક્ષમ અધિકારી પાસે મંજુરી મેળવી કરી આપેલ છે. અને ત્યારબાદ વાદીએ સદર મકાન પ્રતિવાદી ટ્રસ્ટના નામે રેકર્ડસ ઓફ રાઈટસમાં ટ્રાન્સફર કરવા સામે અન્ય કોઈ ત્રાહીત વ્યકિતઓની ચઢવણીના કારણે વાધા અરજી આપેલ. પરંતુ પાછળથી વાદીએ જાતે તેમની રાજીખુશીથી વાધાઅરજી પરત ખેચી પ્રતિવાદી ટ્રસ્ટના નામે ટ્રાન્સફર કરેલ છે અને હાલ સદર મકાનનો માલીકી હકક એટલે કે ટાઈટલ ટ્રસ્ટનુ છે અને આ જે કોઈ કાર્યવાહી થઈ છે તે કાયદેસર રીતે વાદીની મુકત સહમતીથી કરવામાં આવેલ છે જેથી તે કોઈ પણ રીતે રદ થઈ શકે તેમ નથી અને વિકલ્પે જે દાદ માગેલ છે તે વાદી મેળવવા હકકદાર નથી અને વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. વાદીની મનાઈ અરજીમાં વાદીએ માસીક રૂ. ૨૦,૦૦૦/- મેળવવા આદેશાત્મક હુકમની માંગણી કરેલ છે. તે અંગે માસીક રૂ. ૨૦,૦૦૦/- આપવા માટે કોઈ પણ કરાર થયેલ નથી કે વાદીને બાંહેધરી આપેલ નથી. જેથી આદેશાત્મક હુકમ મેળવવા વાદી કાયદેસર રીતે હકકદાર નથી અને તેથી કરીને પણ વાદીની મનાઈ અરજી રદ થવાને પાત્ર છે.

**3/-** આ કામે વાદી તરફે આંક-૪ ના દસ્તાવેજી લીસ્ટથી નિ. ૪/૧ થી નિ. ૪/૭ સુધીના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. તેમજ પ્રતિવાદી તર્ફે આંક-૦૮ ના દસ્તાવેજી લીસ્ટથી નિ.૮/૧ થી નિ.૮/૧૮ સુધીના દસ્તાવેજી

આધારો રજુ રાખેલ છે.જે વંચાણે લીધેલ છે.

**૪/–** ઉપરોકત પક્ષ નિવેદનોના આધારે મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા :–**

**(૧)** શું વાદી પુરવાર કરે છે કે ,તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

**(૨)** શું વાદી પુરવાર કરે છે કે, સગવડતાની સમતુલા તેઓના લાભમાં છે?

**(૩)** શું વાદી પુરવાર કરે છે કે, તેઓને માંગ્યા મુજબનો કામચલાઉ હંગામી મનાઈ હુકમ આપવામાંન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

**(૪)** શું હુકમ?

**૫/–** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** નકારમાં.

**(૩)** નકારમાં.

**(૪)** આખરી હુકમ મુજબ.

**૬/–** આ કામે વાદી તરફે વિ.વ.શ્રી કે.કે.પટેલે દલીલ કરતાં જણાવેલ છે કે, સદરહુ દાવામાં વાદીના રહેણાંકના મકાનનો તા.૧૭/૧૦/૨૦૨૩ ના રોજ પ્રતિવાદી ટ્રસ્ટ જમાતને કરી આપેલ રજી. બક્ષીસ લેખમાં જણાવેલ શરતોનુ પાલન પ્રતિવાદી ટ્રસ્ટ ન કરતાં અત્યારથી તેમજ વાદીને તેઓના બક્ષીસ કરેલ

દાવાવાળા રહેણાંક મકાન કે જે બીન અવેજી આપેલ છે તે રહેણાંક મકાનના બક્ષીસ લેખની શરતો મુજબ માસીક રૂ.૨૦,૦૦૦/–પ્રતિવાદી ટ્રસ્ટે મે–૨૦૨૪ સુધી જીવનનિર્વાહની રકમ વાદીને વસુલ આપેલ છે. ત્યારથી તેમજ ત્યારબાદ જુન–૨૦૨૪ થી જાન્યુઆરી –૨૦૨૫ સુધીના આઠ માસથી જીવન નિર્વાહના રૂ.૧,૬૦,૦૦૦/– તેમજ વાદીએ રહેણાંક મકાનનો હિંમતનગર નગરપાલીકામાં તા. ૬/૫/૨૦૨૪ ના રોજ રૂ. ૩,૮૧૭ /– ભરપાઈ કરેલ છે. જે પછીથી પ્રતિવાદીએ વસુલ આપેલ છે.ત્યારથી તેમજ કુલ્લે રૂ. ૧,૬૦,૦૦૦/– ની રકમ પ્રતિવાદી ટ્રસ્ટ પાસેથી બાકી રકમ કાયદેસરની લેણી નીકળતી હોવાની તેમજ વાદીએ પ્રતિવાદી ટ્રસ્ટને તા.૨૦/૯/૨૦૨૪ તથા ૦૯/૧૦/૨૦૨૪ ના રોજ રજી.પો.એડી.થી નોટીસ આપેલ ત્યારથી જે નોટીસ બજતાં વાદીની લેણી રકમ પેટે પ્રતિવાદી ટ્રસ્ટે તા. ૦૯/૧૦/૨૦૨૪ ના રોજ રૂ. ૪૫,૦૦૦/– તથા તા. ૫/૧૧/૨૪ ના રોજ રૂ.૧૫,૦૦૦/– તેમજ તા.૪/૧/૨૫ ના રોજ રૂ.૧૫,૦૦૦/– જીવનનિર્વાહ પેટે વાદીના સેવીંગ ખાતામાં ઓનલાઈન જમા કરાવેલ છે.તેમજ બાકી રહેતી રકમ રૂ.૫૫,૦૦૦/– જાન્યુઆરી –૨૦૨૫ સુધીના માસના જીવનનિર્વાહ ખર્ચની રકમ પ્રતિવાદી ટ્રસ્ટની પાસે વાદીને કાયદેસરની બાકી લેણી રકમ નીકળે છે જે રકમ વાદીને આજદીન સુધી વસુલ આપેલ નથી. આ કામે પ્રતિવાદી તરફે આંક–૭ થી સદરહુ દાવાનો જવાબ રજુ કરેલ છે. તેમાં જણાવેલ હકીકતો સાચી નથી. તેમજ પ્રતિવાદીના જવાબમાં જણાવેલ હકીકતો બાબતે કોઈ જ પુરાવો તેઓએ રજુ રાખેલ નથી. જેથી વાદીનુ પ્રથમદર્શનીય કેસ હોઈ, સદરહુ અરજી મંજુર કરવા જણાવેલ છે. ઉપરોકત દલીલોના સમર્થનમાં વાદી તરફે નીચે મુજબનો ચુકાદો રજુ થયેલ છે. જે વંચાણે લીધેલ છે.

૧. તુષાર હિંમતલાલ જાની વિ. જબીરસિંહ વિજન અને બીજાઓ, ૨૦૨૫ એસ.એ.આર.(સીવીલ) ૭૬૯, નામ.સુપ્રીમ કોર્ટ.

ત્યારબાદ, પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ચાંદનીવાલાએ દલીલ કરતાં જણાવેલ છે કે, માસીક રૂ. ૨૦,૦૦૦/– ભરણપોષણ માટે પ્રતિવાદી ટ્રસ્ટે આપવા તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા વાદી તરફે રજુ થયેલ નથી કે ગીફ્ટ ડીડમાં પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી. વાદીએ દાવો દાખલ કર્યા બાદ પણ પ્રતિવાદીએ આજદીન સુધી માસીક રૂ. ૧૦,૦૦૦/– લેખે વાદીને ચુકવી આપેલ છે. તેમજ નિશાની ૮/૧૩ થી બેકની પાવતીઓ રજુ થયેલ છે તે મુજબ વાદીને પ્રતિવાદીએ રૂ. ૧૫,૦૦૦/ –માસીક ચુકવી આપેલ છે તેમજ વાદી તેઓના રહેણાંકના મકાનમાં જ રહે છે જેથી વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

## –: કારણો :–

**મુદા નંબર–૧ થી ૩ :–**

ઉપરોકત મુદ્દાઓના કારણોની ચર્ચા પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી એકસાથે કરવામાં આવેલ છે.

**૭/–** વાદી તરફેથી જયારે કામચલાઉ મનાઈ હુકમની અરજી કરવામાં આવેલ છે ત્યારે સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર–૩૯, રૂલ–૧–૨ ના મહત્વના તત્વો જેવા કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ, પ્રાઈમાફેસી કેસ અને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવી શકયતા તેઓની તરફેણમાં છે તે દર્શાવવાની જવાબદારી વાદીની હતી.

૮/– ઉપરના મહત્વના સિધ્ધાંતો ધ્યાને રાખી વાદીનો કેસ જોવામાં આવે તો વાદી તરફે નિશાની ૪/૧ થી દાવાવાળી મિલકતનો રજીસ્ટર્ડ બક્ષીસ લેખ રજુ થયેલ છે. તે વંચાણે લેતાં તેના પેજ નં. ૫ ઉપર જણાવેલ છે કે, '' **....... હું હાલ એકલવાયું જીવન નિર્વાહ કરુ છું તેથી અમો જીવન નિર્વાહ તથા મરણ પછીનો તમામ જરૂરીયાતો પુરી પાડવા સંમત બક્ષીસ લેનાર થયેલ હોઈ, તેથી અમો એ જ સમાજના સભ્ય છીએ તેથી કુદરતી લાગણી અને હુંફના કારણે નકકી કરેલ છે. અવેજનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તેથી અમોને પ્રાપ્ત થયેલ તમામ હકકો સાથે આકાશથી પાતાળ સુધી માટે ....**'' આમ, ઉપરોકત બક્ષીસ લેખનુ જે લખાણ થયુ છે તે મુજબ આ કામના પ્રતિવાદીએ વાદીને માસીક રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) જીવનનિર્વાહ પેટે ચુકવી આપવા તેવુ કયાંય જણાવેલ નથી. તેમજ વાદી તરફે નિશાની ૪/૨ થી જે કબુલાતનામું રજુ થયેલ છે તે પણ સંપુર્ણ વંચાણે લેતાં તેમાં પણ પ્રતિવાદીએ વાદીને જીવનનિર્વાહના ખર્ચ પેટે માસીક રૂ.૨૦,૦૦૦/– ચુકવી આપવા તેવુ કયાંય જણાવેલ નથી. તેમજ હાલની અરજીમાં વાદીએ પ્રતિવાદી ટ્રસ્ટ પાસેથી જીવનનિર્વાહની માસીક રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર) અંગેની જે માંગણી કરેલ છે તે બાબતે બંન્ને પક્ષે સંપુર્ણ પુરાવો આવ્યેથી તે નકકી થઈ શકે તેમ છે.વધુમાં, સદર કામે વાદી તરફે જે ચુકાદો રજુ કરવામાં આવેલ છે તેમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો આ અદાલતને બંધનકર્તા છે. પરંતુ હાલના કેસની હકીકત તેમજ સંજોગો ધ્યાને લેતાં તે અત્રે લાગુ પાડી શકાય તેમ નથી.

૯/– આમ, ઉપરની તમામ હકીકતો ધ્યાને લેતાં વાદી તેઓનો પ્રાઈમાફેસી કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમજ નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન વાદીની તરફેણમાં નથી. જેથી

મુદ્દા નંબર–૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપવામા આવે છે. અને મુદ્દા નંબર–૪ પરત્વે નીચે મુજબનો ન્યાયના હિતમાં આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

(૧) વાદીની હાલની કામ ચલાઉ મનાઈ હુકમની આંક –૫ ની અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

(૨) આ અરજીના ખર્ચ અંગેનો નિર્ણય દાવાના આખરી નીકાલ સાથે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.**૦૭** માહે.**માર્ચ** સને. **૨૦૨૬** ના રોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
હિંમતનગર.

**(અમિત બીપીનચંદ્ર મામતોરા)**
બીજા અધિક સિનિયર સિવિલ જજ,
હિમતનગર.
જજ કોડ નંબર જીજે૦૧૦૫૯

N.B PATEL